પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૫ | ૨૬ નવેમ્બર, ૨૦૧૮, સોમવાર; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બ્રેકિઝટ કરારને સંમતિ

યુરોપીય સંઘના સદસ્ય દેશોના ૨૭ નેતાએ બ્રિટનની સાથેના ઐતિહાસિક બ્રેકિઝટ કરારને મંજૂરી આપી દીધી છે. ઈયુ પરિષદના અધ્યક્ષ ડોનાલ્ડ ટસ્કે આ કરારને સમર્થન આપ્યું છે.

### ભગવાન બુધ્ધની ૭૦ ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ

બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારે ૭૦ ફૂટ ઉંચી ભગવાન બુધ્ધની પ્રતિમાનું અનાવરણ કર્યું છે. આ પ્રતિમા નાલંદા જિલ્લાના પર્યટન સ્થળ રાજગીરમાં બનાવાઈ છે.

### પેટ્રોલ-ડીઝલ મામલે પેરીસમાં વિરોધ

ફ્રાન્સની રાજધાની પેરીસમાં ડીઝલ અને પેટ્રોલના વધતા ભાવના વિરોધમાં જોરદાર પ્રદર્શનો થઈ રહ્યા છે. દેખાવકારોને કાબૂમાં કરવા પોલીસે ટીયર ગેસ છોડયા હતા. ઠેર ઠેર આગ ચાંપવામાં આવતા પોલીસે આકરા પગલાં લીધા હતા.

### દિલ્હીમાંથી ત્રણ આતંકવાદીઓ ઝડપાયા

દિલ્હીમાંથી આઈએસના ત્રણ આતંકવાદીઓની દિલ્હી પોલીસે ધરપકડ કરી છે. તેમની પાસેથી પોલીસને ખૂબ મોટી માત્રામાં વિસ્ફોટકો અને ગ્રેન્ડ પ્રાપ્ત થયા છે.

### ન્યૂઝીલેન્ડમાં ભૂકંપ બાદ બે ટાપુઓ નજીક આવી ગયા

ન્યૂઝીલેન્ડમાં બે વર્ષ અગાઉ આવેલા ભીષણ ભૂકંપ પછી બે મુખ્ય ટાપુઓ એકબીજાની નજીક આવી ગયા છે અને તેમાંથી એક ટાપુ પરનું શહેર ડૂબી પણ રહ્યું છે. ઉત્તર અને દક્ષિણ ટાપુઓ વચ્ચેનું અંતર માત્ર ૩૫ સેમી જેટલું જ રહ્યું છે.

# રામમંદિર માટે પુરેપુરી જમીન જોઈએ : વીએચપી

**વિલંબ યોગ્ય સંકેત નથી : વિવાદિત જમીન પર નહીં પઢવા દઈએ નમાઝ : ભાગલા મંજૂર નથી : પૂરેપૂરી જમીન જોઈએ : વીએચપીનો હૂંકાર**




અયોધ્યા,તા.૨૫

અયોધ્યામાં ધર્મસભા મળી હતી. વિશ્વ હિન્દુ પરિષદ આ સભામાં સંસદના શિયાળ સત્રમાં રામમંદિર માટે અધ્યાદેશ લાવવાની માંગણી કરશે. સભામાં બે લાખ રામભક્તો અને સંતો સહિતના ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદના દિગ્ગજો જોડાયા છે. સુરક્ષા વ્યવસ્થાને સઘન કરવા માટે ૭૦ હજાર સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા હતા.

ધર્મસભામાં અયોધ્યા પહોંચેલા રામભક્તોનું મુસ્લિમ સમુદાયે ફુલોથી સ્વાગત કર્યું હતું, મુસ્લિમ મંચ સાથે જોડાયેલા લોકોએ ધર્મસભાના માર્ગ પર ફુલો વરસાવ્યાં હતા. રામમંદિર સમર્થક બબલૂ ખાને રામભક્તોનું સ્વાગત કર્યું હતું.

ધર્મસભાને સંબોધિત કરતા વીએચપીના નેતા ચંપત રાયે જણાવ્યું કે, રામમંદિર નિર્માણ માટે સંપૂર્ણ જમીન જોઈએ છે. જમીનના ભાગલા મંજૂર નથી. તેમણે જણાવ્યું હતું કે જમીનના ભાગ પાડવાની કોઈપણ ફોર્મ્યૂલા અમને મંજૂર નથી. ચંપત રાયે જણાવ્યું હતું કે, સુન્ની વક્ફ બોર્ડને

● અનુસંધાન પાન-૭ પર

## અયોધ્યામાં ૨૨૧ મીટર ઉંચી રામ મૂર્તિ બનશે

**યોગીએ અયોધ્યામાં બનનારી શ્રી રામની પ્રતિમાનું મોડલ જાહેર કર્યું**



લખનઉ,તા.૨૫

ઉત્તર પ્રદેશમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે અહીં એમની કેબિનેટ બેઠક યોજી હતી જેમાં ભગવાન રામની કાંસ્યની અને સૌથી વિરાટ પ્રતિમાના નિર્માણ મુદ્દે પ્રાથમિક ચર્ચા કરવામાં આવી હતી. રામની આ પ્રતિમા અયોધ્યામાં સરયૂ નદીના કિનારે ઈન્સ્ટોલ કરવાની આદિત્યનાથ સરકારે જાહેરાત કરી છે.

તસવીર અનુસાર, રામની મૂર્તિ ૨૨૧ મીટર ઊંચી હશે, જેમાં ૫૦ મીટર પાયાનો ભાગ હશે. ભગવાન રામના હાથમાં તીર અને કામઠું બતાવાશે અને એમની પીઠ પાછળ તીરોનો ભાથો હશે. અત્યારે વિશ્વમાં સૌથી ઊંચી મૂર્તિ સરદાર પટેલની 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' થઈ છે. એની ઊંચાઈ ૧૮૨ મીટર છે. આ મૂર્તિનું હાલમાં જ ગુજરાતના નર્મદા જિલ્લામાં કેવડિયા કોલોની ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નર્મદા નદીના કાંઠે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હવે ઉત્તર પ્રદેશ સરકારની જાહેરાત બાદ વિશ્વમાં સૌથી ઊંચી મૂર્તિ તરીકે ભગવાન રામની મૂર્તિ સરદાર પટેલની મૂર્તિનું સ્થાન લેશે. ૫૦ મીટરના બેઝ ભાગમાં, એક મ્યુઝિયમ હશે જેમાં રામાયણ સાથે સંકળાયેલી ચીજવસ્તુઓ પ્રદર્શનાર્થે મૂકવામાં આવશે.

મ્યુઝિયમમાં અયોધ્યા નગરનો ઈતિહાસ પણ દર્શાવવામાં આવશે. એમાં એક વિભાગમાં, ભગવાન વિષ્ણુના ૧૦ અવતારની

● અનુસંધાન પાન-૭ પર

# નિર્ણાયક આંદોલનનો સમય પાકી ગયો : ભાગવત


**નાગપુરમાં સંઘ વડાએ પણ મંદિર નિર્માણનો મુદ્દો ઉઠાવ્યો : ન્યાયપૂર્ણ બાબત એ છે કે વહેલીતકે મંદિર બને પરંતુ કોર્ટની પ્રાથમિકતામાં નથી જેથી મંદિર બનાવવા માટે કાનૂન બનાવવા સરકાર કામ કરે : ભાગવત**

નાગપુર, તા. ૨૫

નાગપુરમાં સંઘના વડા મોહન ભાગવતે પણ રામ મંદિર નિર્માણ માટે દબાણ લાવવાના પ્રયાસ શરૂ કર્યા છે. વિશ્વ હિન્દુ પરિષદની રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે, હવે ધૈર્ય નહીં નિર્ણાયક આંદોલનનો સમય આવી ગયો છે. કોર્ટ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ન્યાયપૂર્ણ બાબત તો એજ રહેશે કે વહેલીતકે મંદિર બને. આ બાબત કોર્ટની પ્રાથમિકતામાં નથી. જો આવી સ્થિતિ નથી તો મંદિર બનાવવા માટે કાનૂન કઈ રીતે આવી શકે છે તે અંગે સરકારે વિચારણા કરવી જોઈએ. સંઘના વડાએ કહ્યું હતું કે, આ એક માંગ છે. આજે કોઈ લડાઈ નથી પરંતુ લોકોની ભાવના આમા જોડાયેલી છે. સામાન્ય લોકો સુધી આ બાબત પહોંચાડવી જરૂરી છે કે, કાનૂન

બનાવવામાં આવે અને મંદિરનું નિર્માણ કરવામાં આવે. સંપૂર્ણ ભારતવશ મંદિર માટે માંગ કરશે તો ચિત્ર વધુ સ્પષ્ટ થશે. તેમણે કહ્યું હતું કે, ચિત્ર અને મોડલ અમે રજૂ કરી ચુક્યા છે તેવી જ રીતે મંદિરનું નિર્માણ થવું જોઈએ. જ્યાં સુધી મંદિરનું નિર્માણ શરૂ થતું નથી ત્યાં સુધી દેશમાં જાગરણનું કામ શરૂ થવું જોઈએ. ભાગવતે કહ્યું હતું કે, મામલો કોર્ટમાં છે. ચુકાદો વહેલીતકે આવવો જોઈએ. આ બાબત સાબિત પણ થઇ ચુકી છે કે, ત્યાં પહેલા મંદિર હતું પરંતુ સુપ્રીમ કોર્ટ આ કેસને પ્રાથમિકતામાં મુકી રહી નથી. ન્યાયમાં વિલંબ અન્યાય સમાન છે.

● અનુસંધાન પાન-૭ પર



# રામ મંદિર નિર્માણ આડે કોંગ્રેસ વિલન છે : મોદી

**રાજસ્થાનના અલવરમાં વિરાટ સભામાં મોદીએ અયોધ્યા મુદ્દો ઉઠાવ્યો : ન્યાયિક પ્રક્રિયામાં કોંગ્રેસ અડચણ ઉભી કરીને જજોને મહાભિયોગ લાવવાની ધમકી આપીને ડરાવી ચુકી છે : જાતિવાદી ઝેરને લઇ ફરીવખત પ્રહારો કર્યા**

અલવર, તા. ૨૫

રાજસ્થાનના અલવરમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરતા મોદીએ આજે કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહારો કર્યા હતા. સાથે સાથે અયોધ્યામાં રામમંદિર નિર્માણને લઈને ચાલી રહેલી ઝુંબેશનો મુદ્દો ઉઠાવ્યો હતો. અલવર રેલીમાં મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ ન્યાયિક પ્રક્રિયામાં અડચણો આપી રહી છે. કોંગ્રેસી નેતાઓએ જ સુપ્રીમ કોર્ટમાં રામમંદિર પર સુનાવણી ટાળી દેવા માટે કહ્યું હતું.



કોંગ્રેસી નેતા અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે સુન્ની વક્ફ બોર્ડ તરફથી ઉપસ્થિત થઈને સુપ્રીમ કોર્ટમાં ૨૦૧૯ની ચૂંટણી સુધી મંદિર મુદ્દા પર સુનાવણીને ટાળી દેવા માટે અપીલ કરી હતી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, કોંગ્રેસ જાતિવાદને ફેલાવવામાં લાગેલી છે. અયોધ્યાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, મહાભિયોગ અને ઈન્પીચમેન્ટની વાત કરીને કોંગ્રેસ પાર્ટી જજોને પણ ડરાવે છે. મોદીએ સ્વતંત્રરીતે કામ કરવા તમામ જજોને પણ અપીલ કરી હતી. ભયભીત થયા વગર પોતાની કામગીરી અદા કરવા અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસમાં વિકાસની વાત કરવાની હિંમત નથી જેથી કોંગ્રેસ પાર્ટી જાતિના મુદ્દા ઉઠાવે છે. મોદીએ પોતાની રેલીમાં કહ્યું હતું કે, જ્યારે અયોધ્યાનો કેસ ચાલી રહ્યો હતો ત્યારે કોંગ્રેસી નેતા અને રાજ્યસભા સાંસદે કહ્યું હતું કે, ૨૦૧૯ સુધી કેસ ચલાવવામાં ન

● અનુસંધાન પાન-૭ પર

## ટીડીપીના સાંસદની કંપનીની બેંકો સાથે ૫૭૦૦ કરોડની છેતરીંડી

ન્યુ દિલ્હી,તા.૨૫

બેંકોને નવડાવવામાં ઉદ્યોગપતિઓની સાથે રાજકારણીઓ પણ પાછળ નથી. તેલુગુ દેશમ પાર્ટીના રાજ્ય સભા સાંસદ વાય એસ ચૌધરીના નિવાસ સ્થાન અને ઓફીસ પર એફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ જે દસ્તાવેજ હાથ લાગ્યા છે તેમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ચૌધરી અને તેમના સાથીદારોની કંપનીઓએ બેંકોને ૫૭૦૦ કરોડનો ચૂનો લગાવ્યો હોવાનુ બહાર આવ્યુ છે. ચૌધરી આ પહેલા એનડીએ સરકારમાં મંત્રી રહી ચુક્યા છે.ચૌધરીના સુજાના ગ્રુપ દ્વારા બેંકો સાથે છેતરપિંડીના મામલામાં ઈડી દ્વારા હૈદ્રાબાદ અને દિલ્હીમાં આઠ સ્થળોએ દરોડો પાડવામાં આવ્યા હતા.

આ પહેલા ઓક્ટોબર મહિનામાં પણ ઈડીએ પાડેલા દરોડામાં અલગ અલગ શેલ કંપનીઓના ૧૨૬ રબર સ્ટેમ્પ કબ્જે કરવામાં આવ્યા હતા.

ત્રણ બેંકોએ ચૌધરીની કંપની સામે ૩૬૪ કરોડની લોન નહી ચુકવવા બદલ ફરિયાદ કરી ત્યારે આ કંપની તપાસ એજન્સીઓના રડાર પર આવી હતી.ચૌધરીની કંપની બીસીઈપીએલ ચૌધરીની માલિકીના એક મકાનમાંથી ચાલતી હતી.

ઈડી દ્વારા ગઈકાલે પાડવામાં આવેલા દરોડામાં ફરારી, રેન્જ રોવર, મર્સિડિઝ જેવી છ વૈભવી કારો જપ્ત કરવામાં આવી છે.દસ્તાવેજોથી સાબિત થઈ રહ્યુ છે કે બોગસ કંપનીઓ થકી ચૌધરી અને તેમના સાથીદારોએ કાળુ નાણુ સફેદ કરવાની સ્કીમ ચલાવી હતી.

જોકે ચૌધરીએ કહ્યુ હતું કે આ કંપનીઓ સાથે મારે કોઈ લેવા દેવા નથી.સુજાના ગ્રુપમાં હું કોઈ હોદ્દા પર છું નહી.ઈડીએ જપ્ત કરેલી કારો સાથે પણ મારે લેવા તેવા નથી.મારી માત્ર એક ટકાની પ્રતિકાત્મક ભાગીદારી છે.

# કાશ્મીરમાં ૭૨ કલાકમાં ૧૬ ત્રાસવાદી ઠાર

**ત્રાસવાદીઓને શોધી શોધીને ઠાર કરાયા : કુલગામ અને સોપિયન જિલ્લામાં બે અથડામણમાં ૧૦ ત્રાસવદીઓ ઠાર**

શ્રીનગર, તા. ૨૫

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો અને સેના હાલમાં ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી રહી છે. જેથી આતંકવાદીઓમાં હવે ખળભળાટ મચી ગયો છે અને સ્થાનિક લોકો ઉપર પણ હુમલા કરી રહ્યા છે. છેલ્લા ૭૨ કલાકમાં જ સુરક્ષા દળોએ જુદા જુદા એન્કાઉન્ટરમાં ૧૬ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. આજે બે જગ્યાઓએ અથડામણ થઈ હતી જેમાં ૧૦ ત્રાસવાદીઓ ફૂંકાયા હતા. કુલગામમમાં ચાર આતંકવાદીઓ ઠાર થયા હતા જ્યારે સોપિયનમાં છ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. અહીં એક જવાને પણ પ્રાણોની આહૂતિ આપી હતી. ત્રાસવાદીઓ હવે સેના સામે નિસહાય દેખાઈ રહ્યા છે. આજે સવારે સેના અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી જેમાં મોટી સંખ્યામાં આતંકવાદીને ઠાર કરાયા હતા. સેનાને આજે વધુ એક મોટી સફળતા હાથ લાગી હતી. સોપિયન જિલ્લામાં સુરક્ષા દળોએ છ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આમા એક જવાન પણ શહીદ થયો હતો. દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના હિપુરા બાટાગુંડ ક્ષેત્રમાં આ અથડામણ થઈ હતી

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

પ્રાંતિજ તાલુકા પંચાયત કચેરી
નૂતન વર્ષાભિનંદન



બહેચરસિંહ રાઠોડ
તાલુકા પ્રમુખ



રામાજી નેનાજી મકવાણા
તાલુકા ઉપપ્રમુખ



પટેલ કૌશિકભાઈ રામાભાઈ
અધ્યક્ષ

નુતન વર્ષ નિમિતે પ્રાંતિજ તાલુકાના તમામ ભાઈઓ બહેનો, યુવાનો તથા સર્વેને નવા વર્ષની શુભકામનાઓ પાઠવીએ છીએ. નવુ વર્ષ સૌને ફળદાઈ અને આરોગ્ય માટે તંદુરસ્તી દક્ષે તેવી પ્રાર્થના

કારોબારી સભ્યો
મંજુલાબેન બળવંતસિંહ મકવાણા
હંસાબા જીતેન્દ્રસિંહ ઝાલા
દક્ષાબેન સુરેશભાઈ રાઠોડ (સામાજીક ન્યાય.સ.)
ચંપાબેન કાળાજી મકવાણા
આશાબેન કનુસિંહ ઠાકોર
કેશરબેન અશોકકુમાર મકવાણા
ઉર્વશીબેન રીકેશભાઈ પટેલ
રમતુસિંહ બહેચરસિંહ મકવાણા
ગંગાબેન અરવિંદભાઈ બરંડા
વિષ્ણુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ

નુતનવર્ષાભિનંદન... શુભારંભ... શુભારંભ... શુભારંભ... નુતનવર્ષાભિનંદન...
શુભ ઉદ્દઘાટન
જનતા ગ્રેનાઈટ્સ એન્ડ માર્બલ્સ
કબીર સીરામીક એન્ડ સેનેટરીનો
શુભારંભ સંવત ૨૦૭૫ના કારતક વદ-૧૦ને રવિવાર, તા.૦૨-૧૨-૨૦૧૮ના રોજ સવારે ૯-૦૦ કલાકે રાખેલ છે.
તો આ શુભ પ્રસંગે આપની ઉપસ્થિતી અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.
:: નિમંત્રક ::
સફરભાઈ બાબુભાઈ મનસુરી
જયંતિભાઈ એમ. પટેલ (ઉંછા)
નિવૃત સ્પે.ઓડીટર
ફરદીન-કબીર
સમીરભાઈ બાબુભાઈ મનસુરી
ફૈઝલ સફરભાઈ મનસુરી
ફૈઝાન સમીરભાઈ મનસુરી
:: શુભ સ્થળ ::
જનતા ગ્રેનાઈટ્સ એન્ડ માર્બલ્સ
જનતા ફ્યુઅલ સેન્ટર, ને.હા.નં-૮,
હોટલ હેરીટેજની બાજુમાં, પ્રાંતિજ-૩૮૩ ૨૦૫, જિ.સાબરકાંઠા
મો.99254 89290 મો.63596 63571 મો.63596 63572
:: સંબંધિત ફર્મ ::



B.R. Developers - Prantij
સ્વ. (મર્હુમ) હાજી બાબુભાઈ આર. મનસુરી
IndianOil
જનતા ફ્યુઅલ સેન્ટર પ્રાંતિજ
KHAMMAM
ખમામ ગ્રેનાઈટ્સ એન્ડ માઈન્સ હૈદરાબાદ